



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



# બનાસકાંઠા-પાટણમાં પુર : મૃતાંક ૨૭

## ધાનેરામાં જળપ્રલય જેવી પરિસ્થિતિ : વધુ ૧૨ ઈંચ વરસાદ : હજારોનું સ્થળાંતર

પાલનપુર,તા. ૨૯

ઉત્તર ગુજરાત અને રાજસ્થાનમાં હવામાં હળવા દબાણના પરિણામ સ્વરુપે શરૂ થયેલા ભારે વરસાદથી ભારે તારાજી થઈ છે. ગુજરાતના ૩૩ જિલ્લાના ૨૧૭ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. બીજી બાજુ કચ્છ અને બનાસકાંઠામાં સૌથી ગંભીર સ્થિતિ બનેલી છે. પાટણમાં પણ આવી જ સ્થિતિ બનેલી છે. કલાકોના ગાળામાં જ ૨૧ ઈંચથી વધુ વરસાદ પડી જતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે સેના અને એરફોર્સની મદદ પણ લેવામાં આવી છે. ધ્રાંગધ્રાથી સેનાની એક ટુકડી પણ મોકલવામાં આવી છે. કચ્છ, બનાસકાંઠા અને પાટણમાં અભૂતપૂર્વ ગંભીર સ્થિતિ સર્જાઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદ જારી રહ્યો છે. વરસાદના પગલે સંદેશ વ્યવહાર ખોરવાઈ જતાં સુઈ ગામ સંપર્ક વિહોણી બન્યું છે. બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં ભારે વરસાદ થયો છે. ઉત્તર ગુજરાતના મહેસાણા અને અન્ય વિસ્તારમાં પણ ભારે વરસાદ નોંધાયો છે. ગુજરાતમાં પડેલા ભારે વરસાદના કારણે હજુ પણ અનેક ગામો બેટમાં ફેરવાયા છે. અનેક ગામોમાં અંધારપટની સ્થિતિ છે. બનાસકાંઠાના ધાનેરામાં જળપ્રલય જેવી સ્થિતિ સર્જાઈ છે. અહીં ૧૨ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે. ધાનેરા નદીના પાણી ગામો સુધી પહોંચી ગયા છે. સેંકડો લોકોને બચાવી લેવાયા છે. બનાસ નદી બંને કાઠે થઈ છે. સોસાયટીઓ અને મકાનોમાં પાણી ઘુસી ગયા છે. કચ્છ, બનાસકાંઠ અને પાટણમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ૩૦૦૦થી વધુ ગામોમાં વિજ પુરવઠો ઠપ છે. લાખણી, સુઈ, વાવ, ભાભર અને થરાડમાંથી કેટલાક લોકો લાપતા હોવાનું પણ જાણવા મળ્યું છે. રાજ્યમાં ૧૭ જેટલા ડેમ હાઈએલર્ટ પર રાખવામાં આવ્યા છે. મધ્યપૂર્વ અને દક્ષિણ ગુજરાતમાં મેઘ મહેર જારી રહી છે. એકથી છ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ગુજરાતના અનેક ભાગોમાં હાલમાં ભારે વરસાદના કારણે પુર જેવી સ્થિતી સર્જાઈ ગઈ છે. ગુજરાતામાં ભારે વરસદના કારણે જુદા જુદા બનાવોમાં





## બચાવ અને રાહત કામગીરીમાં સેના અને એરફોર્સની ટીમ જોડાઈ

મોતનો આંકડો વધીને ૨૭ ઉપર પહોંચી ગયો છે. સૌથી વધારે કફોડી હાલત હાલમાં કચ્છ, બનાસકાઠા અને પાટણ જિલ્લામાં થયેલી છે. આ તમામ જગ્યાએ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા ૨૭૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી દેવામાં આવ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ અસરગ્રસ્ત એવા ત્રણ હજાર ગામોમાં વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો છે. ગઈકાલે ગુજરાતના મુખ્યપ્રધાન આનંદીબેન પટેલે ભારે વરસાદના કારણે ઉભી થયેલી સ્થિતી અંગે સમીક્ષા કરી હતી. સંબંધિત અધિકારી પાસેથી માહિતી પણ મેળવી લેવામાં આવી હતી. બનાસકાંઠામાં આભ ફાટ્યુ હોય તેવી સ્થિતી સર્જાઈ છે. અસરગ્રસ્ત વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. અભૂતપૂર્વ વરસાદ હાલમાં પડી રહ્યો છે. બીજી બાજુ છેલ્લા ત્રણ ચાર દિવસથી પડી રહેલા ભારે વરસાદના કારણે પુરની સ્થિતિને પહોંચી વળવા એનડીઆરએફની સાત ટીમો તૈનાત કરવામાં આવી છે. બચાવ કામગીરી માટે તંત્ર સાબદુ કરવામાં આવ્યું છે. દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાનમાં સર્જાયેલા હવાના હળવા દબાણના પગલે ગુજરાતમાં હજુ આગામી ત્રણ દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે.

## મેઘરજમાં ૭૨ કલાકમાં ૮ ઈંચ વરસાદ

ઈસરી, તા.૨૯

ઉત્તર ગુજરાત અને અરવલ્લી જિલ્લામાં મેઘરાજાએ સતત ૪ દિવસથી પધરામણી કરી છે. મેઘરજ નગર અને તાલુકામાં છેલ્લા ૭૨ કલાક દરમિયાન અતિ ભારે વરસાદને કારણે તાલુકાની વાત્રક નદી બે કાંઠે થતા તેમજ તળાવો, ખેતરો જળબંબાકાર થઈ જવા પામ્યા છે. તાલુકાના અનેક સ્થળોએ નાના વાંધા અને નદીઓ ઉપરના ડિપ પર પાણી ફરી વળતાં મેઘરજ તાલુકાના અનેક અંતરિયાળ ગામડાઓ સંપર્ક વિહોણા બન્યા છે.

મેઘરજ નગર અને મેઘરજ તાલુકામાં છેલ્લા ૭૨ કલાકથી અતિ ભારે મુશળધાર વરસાદ તુટી પડતાં તાલુકાનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ જવા પામેલ છે. ધોધમાર વરસાદથી તાલુકામાંના ખેતરો, વાંધાઓ અને ચેકડેમો અને ૨૦૦થી વધારે તળાવો જળબંબાકાર બની ગયા છે. મોડાસા, મેઘરજ, ઉન્ડવા તેમજ તાલુકાના અંતરિયાળ વિભાગમાં આવેલ રાજ્ય ધોરી માર્ગ ઉપર પાણી ફરી વળતાં અંતરિયાળ ગામડાઓના ગ્રામજનોની હાલત કફોડી બની છે. ભારે વરસાદને કારણે તાલુકામાં ૫૦ જેટલા વિદ્યુત થાંભલાઓ તૂટી પડવાના કારણે ૨૫થી ૩૦ જેટલા ગામડાઓમાં અંધારપટ છવાઈ ગયો હતો. વિદ્યુત બોર્ડના અધિકારીઓ દ્વારા અલગ અલગ ટીમો બનાવી ૨૪ કલાકથી વિદ્યુત પુરવઠો પૂર્વરત કરવા ગામડાઓમાં તાબડતોબ કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હોવા છતાં હજુ કેટલાય ગામડાઓમાં અંધારપટ છવાયો છે. ભારે વરસાદથી ૨૦૦ ઉપરાંત વૃક્ષો ધરાશાયી થતાં વાહન વ્યવહાર ખોરવાઈ ગયો હતો. બાળકોએ પણ અભ્યાસમાંથી વેકેશનનો પિરિયડ મળ્યો હોય તેમ શાળાએ જવાનું ટાળ્યું હતું. જયારે મેઘરજના કુણોલ ગામની ડિપ પરથી પાણી ભયજનક રીતે વહેતા દસેક ગામડાઓનો મુખ્ય મથક તાલુકાથી સંપર્ક તુટયો હતો.



(તસવીર : મુકેશ ડામોર, ઈસરી)



## મોડાસા શહેરમાં સતત વરસાદથી મકાન ધરાશાયી થવાનો સિલસિલો યથાવત

મોડાસા શહેરમાં ચાર દિવસથી મેઘરાજાએ મન મૂકીને વરસતાં શહેરી જનોને મેઘના રોદ્ર સ્વરૂપ જોવા મળતાં મોડાસાના જુના પરાઓમાં અનેક મકાનો ધરાશાયી થતાં નગરજનોમાં ભય યથાવત જોવા મળી રહ્યો છે. મોડાસા શહેરમાં મંગળવારની રાત્રીએ ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસતાં શહેરના કોઠારીવાડામાં વધુ ત્રણ મકાનો ધરાશાયી થયા હતા.મોડાસા શહેરના કોઠારીવાડામાં સુભાષભાઈ શાહ, દિપકભાઈ શાહ અને એક મારવાડી પરિવારનું મકાન ધરાશાયી થતાં ત્રણેય પરિવારોની હાલત કફોડી બની ગઈ હતી. મોડાસાના જુના વિસ્તાર પોળોમાં વર્ષો જુના બાંધકામ વાળા મકાન ધરાશાયી થવાનો સીલસીલો યથાવત રહેતા પુરાણી મંજીલમાં રહેતા પરિવારો પારેવાની માફક ફફડી ઉઠયા છે. (તસવીર : જય અમીન)

## સાબરકાંઠા - અરવલ્લીના ૭૩૦ ચેકડેમ અને ૧૨૬ તળાવ છલકાયા

મોડાસા, તા. ૨૯

જિલ્લામાં વરસાદની ધમાકેદાર એન્ટ્રીથી સમગ્ર જિલ્લામાં માત્ર ૩ દિવસમાં પાણીનું ચિત્ર બદલાઈ ગયું છે. સાબરકાંઠાઅરવલ્લીના ૭૩૦ ચેકડેમ અને ૧૨૬ તળાવ છલકાઈ ગયાં છે. જયારે અન્ય નાની સિંચાઈ યોજનામાં પાણીની સરેરાશ ૪૫ થી ૫૦ ટકા જેટલી ધરખમ આવક થઈ છે. મંગળવારે ભારે વરસાદી ઝાપટાં ચાલુ હતાં તે જોતાં એકાદબે દિવસમાં તમામ તળાવ છલકાઈ જવાની સંભાવના સિંચાઈ વિભાગે વ્યક્ત કરી છે. ચેકડેમતળાવ છલકાતાં ભૂગર્ભ જળ સ્ત્રોતમાં સુધાર જોવા મળશે અને બોરકૂવા રીચાર્જ થવાની અપેક્ષા સેવાઈ રહી છે.

પાણીનું મૂલ્ય ઓછું આંકનારા પણ હવે પાણીનો કરકસર ભર્યા ઉપયોગ કરી રહ્યા છે. જુન મહિના પછી લાંબા સમય સુધી વરસાદ ખેંચાતાં પાણીના અભાવે કેવી સ્થિતિ ઉત્પન્ન થાય..?? તેનો ગ્રામ્ય અને શહેરી -જાએ જાત અનુભવ કર્યા છે. વધુ ને વધુ જળસંચયની યોજનાઓ હોવી જોઈએ તેવી એક જાગૃતતા ઉભરી રહી છે. જિલ્લામાં શનિવારથી મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી શરૂ થઈ છે અને છેલ્લા ૩ દિવસમાં સરેરાશ ૬ થી ૧૫ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબોળની સ્થિતિ ઉભરી આવી છે. સરકાર દ્વારા પાછલા દાયકામાં વરસાદનું નકામુ પાણી વહી ન જાય તે માટે ચેકડેમ તૈયાર કરવામાં આવ્યા હતા હવે આજ ચેકડેમ -જા અને ખેડૂતો માટે આશીર્વાદરૂપ બની છે. સાબરકાંઠા જિલ્લાના ૪૯૨ ચેકડેમમાંથી અને અરવલ્લીના ૨૩૮ ચેકડેમ છલકાઈ ગયા છે. જયારે સાબરકાંઠાના ૫૬ અને અરવલ્લીના ૭૦ તળાવ છલકાયાનું જાણવા મળ્યું છે. આ આંકડો વધુ હોવાનું પણ અનુમાન લગાવાઈ છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## મોડાસાની લાટીવાળા કોલેજમાં પ્રાર્થના કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૨૯

મોડાસાની મુરીબેન ખેમચંદદાસ શાહ લાટીવાળા ડીએલએડ કોલેજ ખાતે તાજેતરમાં પ્રાર્થના કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમના પ્રારંભે કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકરે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. વિદ્યાર્થીઓને સંબોધિત કરતા નિલેષભાઈ જોષીએ જણાવ્યું હતું કે તરતા શીખવુ હોય તો નદી, તળાવ કે સમુદ્રમાં પડવુ પડે એવી જ રીતે શિક્ષક બનવું હોય તો પીટીસી કરવું જ પડે તે જરૂરી છે. કાર્યક્રમમાં જીવદયા પ્રેમી નિલેષભાઈ જોષી, લાયન્સ ક્લબના જય અમીન, અલ્પેશભાઈ પટેલ ખાસ હાજર રહ્યા હતા. અંતે આભારવિધિ તાલીમાર્થી અંજલિ કલાલે તથા સંચાલન પ્રા. વ્રજેશ પંડ્યાએ કર્યુ હતું.

## તલોદમાં ભારે વરસાદથી જાનમાલને અંદાજે પાંચ લાખનું ભારે નુકસાન

### મકાનો અને દિવાલો પડી ગઈ જેમાં પશુધન ગુમાવ્યું, તાલુકા પંચાયતે સત્તાવાર માહિતી એકઠી કરી

તલોદ, તા.૨૯

તલોદ પંથકમાં વરસેલા અનરાધાર વરસાદે ગ્રામ્ય વિસ્તારમાં ભારે નુકસાન પહોંચાડયું છે. સતત પાંચ દિવસથી વરસી રહેલા વરસાદમાં તાલુકાના ૧૮ ગામોમાં અંદાજે પાંચ લાખ જેવું જાનમાલનું નુકસાન થયું છે. તાલુકાના ડિઝાસ્ટર વિભાગે હાથ ધરેલી કાર્યવાહીના ભાગ રૂપે સત્તાવાર માહિતી સાંપડી છે. જો કે તંત્ર એ તાત્કાલીક ધોરણે બચાવ અને રાહત કાર્ય ઉપાડી લેતા ગ્રામજનોમાં સંતોષની લાગણી પેદા થઈ છે.

મળેલ વિગતો મુજબ તલોદ તાલુકામાં છેલ્લા પાંચ દિવસથી વરસી રહેલા વરસાદે સિઝનનો ૫૦ ટકા ભાગ પૂર્ણ કરી લીધો છે. જેમાં બુધવાર સવાર સુદી લગભગ ૨૨ ઈંચ વરસાદ થઈ ચુકયો છે. તોફાની પવનો સાથે વરસાદે ગ્રામ્ય વિસ્તારમાં રૂ. પાંચ લાખ જેટલું નુકસાન પહોંચાડયું છે. તલોદ તાલુકા પંચાયતના ડિઝાસ્ટર વિભાગે તલાટી તથા સરપંચ સાથે મળીને એકત્ર કરેલી સત્તાવાર માહિતી મુજબ તાલુકાના ૧૮ ગામોમાં મકાનો પડી જવા, દિવાલો પડી જવી તથા પશુધનનું મોત થવા સાથેના કુલ રૂ. ૪૭૬૦૦૦ના નુકસાનનો અંદાજ લગાવી રિપોર્ટ જિલ્લા વિકાસ અધિકારીને સુપરત કર્યો છે.

## વૃક્ષો ધરાશાયી થતાં એસટીની ૬૨ ટ્રીપ રદ્દ

મોડાસા, તા. ૨૯

જિલ્લામાં વરસાદ અને વાવાઝોડાના કારણે ધોકબંધ ઝાડ ધરાશાયી થયા છે. જંગલ ખાતાને દોડવું હતું ને ઢાળ મળ્યો તેવી સ્થિતિ પેદા થઈ છે. ઝાડ ધરાશાયી થતાં વિરપ્પનો પોતાનાં વાહનો લઈ લીલાં લાકડાં સગેવગે કરવા ધંધે લાગ્યા છે.

બાયડ તાલુકાના મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારોમાં ઝાડ તેમજ વીજ થાંભલા ધરાશાયી થતાં માર્ગો પર વાહનોની અવર-જવરમાં અડચણ ઉભી થઈ છે. જેના કારણે બાયડ ડેપો મેનેજર દ્વારા મંગળવારે ૬૨ ટ્રીપો રદ્દ કરવામાં આવી હતી. એસ.ટી.ની ટ્રીપો આગોતરી જાણ વગર રદ્દ કરાતાં શાળા-કૉલેજોમાં જતા છાત્રો તેમજ હજારો મુસાફરો બાયડમાં અટવાઈ પડ્યા હતા જેના કારણે મુસાફરોમાં વ્યાપક રોષ ઉભો થયો છે.

## ઉનાવા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની બેઠક યોજાઈ

ઊંઝા, તા. ૨૯

ઊંઝા નજીકના ઉનાવા ગામે ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના આઠ ખેડૂત પ્રતિનિધિઓ ચાર વેપારી પ્રતિનિધિઓ અને એક સહકારી ખરીદ વેચાણ વિભાગના એક પ્રતિનિધિ મળી કુલ તેર સભ્યોની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. જેમાં ખેડૂત વિભાગની બે પેનલો પૈકી એક પેનલના આઠેક સભ્યોનો જવલંત વિજય થયો હતો. જ્યારે ખરીદ વેચાણ મંડળીઓના એક ઉમેદવાર બિન હરીફ ચૂંટાઈ આવ્યા હતા

ઉનાવા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સદસ્યોની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. જેની આજે મતગણતરી થતાં ખેડૂત વિભાગના આઠ સદસ્યો વિજયી થયા હતા. જ્યારે વેપારી વિભાગના ચાર સભ્યો ચૂંટાયા હતા.

આ ઉપરાંત સહકારી ખરીદ વેચાણ મંડળીમાંથી હર્ષદભાઈ કાનજીદાસ અગાઉ ખેડૂત વિભાગની બીન હરીફ ચૂંટાઈ આવ્યા હતા. આ ચૂંટણીમાં ખેડૂત વિભાગની સામેની પેનલના સભ્યોની કારમી હાર થઈ હતી. દરમિયાન ઉનાવા બજાર સમિતિની ચૂંટણી યોજાતા બજાર સમિતિના ચેરમેન પદ માટે કેટલાક ચૂંટાયેલા સભ્યોએ પ્રયાસો આરંભ્યા છે.

ખરીદ વેચાણ મંડળીઓના એક બેઠક પર હર્ષદભાઈ કાનજીદાસ પટેલ બિન હરીફ ચૂંટાઈ આવ્યા હતા.

### વિજેતા ખેડૂત વિભાગના સભ્યો

જયેશકુમાર બબલદાસ પટેલ
પ્રકાશભાઈ સેંધાભાઈ પટેલ
રમેશભાઈ શીવાભાઈ પટેલ
અમરતભાઈ વિઠ્ઠલદાસ પટેલ
સુરેશભાઈ પરસોત્તમદાસ પટેલ
જયંતિભાઈ ઉત્તમલાલ પટેલ
ભીખાભાઈ ચતુરદાસ પટેલ
ભીખાભાઈ વિઠ્ઠલદાસ પટેલ

### વિજેતા વેપારી વિભાગના સદસ્યો

હસમુખભાઈ અંબાલાલ પટેલ
રાકેશભાઈ કાન્તિલાલ પટેલ
ચિરાગભાઈ મહેન્દ્રભાઈ પટેલ
અલ્પેશભાઈ ચુનીલાલ પટેલ